Volume 2, Issue 6
September
2024

# ટપક E-MAGAZINE

૨૬ – ઓમનગર (3), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

**તા. ૩ થી ૫ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સાયલા ખાતે આયોજિત બેઝીક માસ્ટર ફાર્મર તાલીમમાં અમરેલી અને જાફરાબાદ તાલુકાના ૫ ખેડૂતો અને સંસ્થામાંથી પ્રિયાંશીબેન અને સ્નેહાબેને ભાગ લીધો.**






**૨૦મી સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ગાંધીનગર ખાતે આયોજિત ૧૩મા એગ્રી એશિયા ડીએલપી એક્સ્પો એશિયામાં એફપીઓ સાથે જોડાયેલ સભ્યો અને ઉદ્યોગ સાહસિકોને લઇ પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિતલ, બાબરા અને લાઠી વિસ્તારમાંથી કુલ ૫૦ સભ્યો (૪૦ પુરુષ અને ૧૦ મહિલા) આ મુલાકાતમાં ભાગ લીધો હતો.**





Share your review



www.sskkamreli.org
info@sskkamreli.org

## પીયુ INGJ48ના 2PC લાઇસન્સિંગ મૂલ્યાંકન ૦૯ થી ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન હાથ ધરવામાં આવ્યું હતું.






## તાલીમ અને શિક્ષણ

સંસ્થા દ્વારા ૧૫ થી ૧૬ સપ્ટેમ્બર દરમિયાન અમરેલીની મુખ્ય કચેરી ખાતે ૩૫ ઉદ્યોગ સાહસિકો સાથે બિઝનેસ પ્લાન, માર્કેટિંગ અને ક્ષમતા નિર્માણ અંગેની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉદ્યોગ સાહસિકતાની તાલીમ અંતર્ગત વર્મી કમ્પોસ્ટ અને પ્રાકૃતિક કૃષિના ટ્રેડમા પસંદ થયેલા ખેડુતોને લાઠી પ્રોજેક્ટના શેખપીપરીયા ગામમાં ભીખાભાઈ શેખડા અને જરખીયા ગામમાં ભરતભાઈ ચોવટીયાની મુલાકાત કરાવી.




## સંસ્થાની મુખ્ય ઓફીસ ખાતે ૧૭ અને ૧૮મી સપ્ટેમ્બર ના રોજ કિરીટભાઈ પરમાર દ્વારા લીડરશીપ કોમ્યુનિકેશન અને ટીમ બિલ્ડીંગ પર એક પ્રેરણાદાયી વર્કશોપ યોજાયો.











**ખાંભામાં ઉદ્યોગ સાહસિકની સીવણ તાલીમ ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૪થી શરૂ કરવામાં આવી. ૨૦ ઉદ્યોગ સાહસિકો સાથે ૩જી સપ્ટેમ્બર ૨૪ના રોજ હોટલ હરભોલે - ટીંબી ખાતે કુદરતી ખેતી પર તાલીમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.**





**LAMP કાર્યક્રમ અંતર્ગત અમરેલી અને બાબરા તાલુકાના ૧૨ ગામોમાં SMC/PRIની તાલીમ અને બાળમેળા યોજવામાં આવ્યા.**





ટપુક E-MAGAZINE
Volume 2, Issue 6
September 2024

ઓબર્લિન કોલેજ, ઓહિયો (યુએસએ) ના નતાલી ડુફોર પોતાના રીસર્ચ સ્ટડી માટે આપણી સંસ્થા સાથે પાર્ટનરશીપ કરવા માંગે છે. તેઓ ફેલોશીપ માટે પ્રયાસ કરી રહ્યા છે. ફેલોશીપ મળ્યા બાદ તેઓ ભારત આવી સંસ્થા સાથે જોડાઈને પોતાનો સ્ટડી પૂર્ણ કરશે.






## આરોગ્ય અને પર્યાવરણ

રાજકોટ જીલ્લાના ૧૨ ગામોમાં પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન ૩૨૮૩ પશુઓની આરોગ્ય તપાસ કરવામાં આવી, તેમજ આરોગ્ય સુધારણા માટે કૃમિનાશક કીટ અને મિનરલ પાવડર આપવામાં આવ્યો.





સંસ્થાએ ખેડૂતોને કુલ ૫૦ ગ્રીન કુકિંગ સ્ટવ (ધુમાડા વગરના ચૂલા)નું વિતરણ કર્યું. આ ચૂલાઓ ટકાઉ અને આરોગ્યપ્રદ રસોઈ બનાવવાના ઉકેલો લાવે છે. આ ચુલાઓ રસોઈ બનાવવાની પરંપરાગત પદ્ધતિઓ દ્વારા ઉભા થતા આરોગ્ય અને પર્યાવરણીય બંને પડકારોને ધ્યાને લઇ બનાવવામાં આવ્યા છે.






## કૃષિ ઉત્પાદકતા અને આપતિજન્ય જોખમો

**મહિનાના પ્રથમ ક્વાર્ટરમાં પીયુ ટીમ દ્વારા જનજાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન દ્વારા અમે ૧૩૦ ગામોને આવરી લીધા છે. વિવિધ માહિતી પેમ્ફલેટ, વિડીયો અને બેનરો દ્વારા લોકો સુધી પહોચાડવામાં આવી હતી. તેમજ બાળ મજૂરી અટકાવવા, મોનોક્રોટોફોસ જેવા જોખમી જંતુનાશકોનો ઉપયોગ, કોકટેલ સ્પ્રે, કેલેન્ડર સ્પ્રે, રેન્ડમ સ્પ્રે, પીપીઇ કીટનો ઉપયોગ, વૃક્ષારોપણ વગેરે જેવા મુદ્દાઓ પર સંવાદ અને ચર્ચા કરવામાં આવી હતી.**



**૫મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ધોકડવા અને ટીંબી ખાતે ભગીરથ હોટેલ - ગાંગડા અને ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ખાંભા, સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે એફપીસી/એફપીઓ પર અગ્રણી ખેડૂતોની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.**



**સતત ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ETL નિદર્શન નિરીક્ષણ અને મુલાકાત, સ્ટાફ ક્ષમતા નિર્માણ, ઇનપુટ સેન્ટરની મુલાકાત, સરકારી કચેરીઓની મુલાકાત, મિડ સીઝન એગ્રોનોમિક પાસાની તાલીમ, રિજનરેટિવ ડેમો મુલાકાતો, ફિલ્ડ ડે, કોટનકનેક્ટ સપોર્ટ મુલાકાત, LG ખેડૂતોની મીટિંગ, મજૂર મીટિંગ વગેરે યોજવામાં આવી હતી.**





















**બાગાયત વિભાગના સહયોગથી 'વૃતિકા યોજના' અંતર્ગત ૧૨ અને ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન છેલણા ખાતે ૫૫ મહિલાઓ (ટીંબીમાંથી ૨૨ અને છેલણા માંથી ૩૩)ને તાલીમ આપવામાં આવી હતી. ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ લાઠી ખાતે શહેરી બાગાયત તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૪૪ ખેડૂતો ભાગ લીધો હતો.**





**કોટન કનેક્ટમાંથી હેમંત ઠાકરે, સંદિપ શર્મા અને વિજયભાઈ દ્વારા ૨૬ થી ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન સપોર્ટ મુલાકાત કરવામાં આવી.**









**રાજકોટ જીલ્લાના ૨૧ ગામોમાં ૮૪૯ સહભાગીઓને સાથે રાખી ગ્રામ્ય સ્તરે આબોહવા અનુકૂલન પર જીપીડીપી વિકાસ આયોજન પૂર્ણ થયું. પંચાયત સમિતિ, સમાજના આગેવાનો, વીડીસી સમિતિ અને સમુદાયના સભ્યોએ તેમાં ભાગ લીધો હતો.**






**ભાડવા ગામમાં સંસ્થાએ અશ્વગંધા, મરચાં, હળદર અને ધાણાના વાવેતર અને પાવડર બનાવવા માટે પલ્વરાઇઝિંગ મશીન અંગે એફપીઓના શેરધારક સાથે બેઠક યોજી હતી.**






**ટીમે ૨૬ ખેડૂતો અને ૬૮ મહિલાઓ સાથે ૩ ગામોમાં ડિજિટલ આઉટરીચ ટ્રેનિંગ હાથ ધરી હતી.**



**સંસ્થાએ ૫૩૫ લાભાર્થીઓ સાથે ૧૬ ગામોમાં બાયફના સહયોગથી પશુ ઉછેરની શ્રેષ્ઠ પદ્ધતિઓ પર આજીવિકા તાલીમ કાર્યક્રમ યોજ્યો. ૮ ગામોમાં ડેરી સાથે સંકળાયેલ ૩૯૨ મહિલાઓને તેમની હાલની આજીવિકા સુધારવા માટે પશુ આરોગ્ય કીટ આપવામાં આવી હતી.**









મહિના દરમિયાન ગોંડલ ક્લસ્ટરની ટીમે ૬ ગામોમાં નાણાકીય સમાવેશ માટે કેમ્પ યોજ્યા હતા. રેશનકાર્ડ ઈ – કેવાયસી, જીવન વીમો, પીએમ વિશ્વકર્મા યોજના વગેરે જેવી વિવિધ સરકારી યોજનાઓ સાથે જોડાણ માટે કુલ ૨૮૭ ગ્રામજનોએ આ કેમ્પોનો લાભ લીધો હતો.



અવિરત એગ્રો પ્રોડ્યુસર કંપની લીમીટેડ

માટી અને પાણી ચકાસણી કેન્દ્ર – ખાંભા

| | |
|---|---|
| જમીન : | આપની જમીનનો રીપોર્ટ કરાવી જમીનમાં રહેલા અને ઉણપ ધરાવતા પોષક તત્વોનું પૃત્થકરણ કરાવી, ભલામણ મુજબ ખાતરનો ઉપયોગ કરો. |
| બિયારણ : | સર્ટીફાઈડ બીજ નિગમ મગફળી, ચણા, ઘઉં, BG-2 કપાસનું બિયારણ. |
| ખાતર : | નેનો યુરીયા, એરંડાનો ખોળ, સુક્ષ્મ પોષક તત્વો, એન.પી.કે., મેક્ષી મિક્સ, સલ્ફર, ઝીંક, વર્મી કમ્પોસ્ટ. |
| ઓર્ગેનિક ઈનપુટ : | ટ્રાઈકોડર્મા વરડી, નીમ ઓઈલ, મેટારીઝીયમ, માઈકોરાઈઝા,હ્યુમિક, એસીડ, એમીનો એસીડ, રેઝીસ્ટ, બાયો કોઝીમવર્ધક, રીચ વીટા, સુપર કોટ. |

એડ્રેસ : મું.ખાંભા, ચલાલા મેઈન રોડ, કુમારશાળા સામે, ખાંભા,જી.અમરેલી–૩૬૫૬૫૦. મો.૭૩૮૩૫૬૨૨૦૫




## Our Programs

- Training and Education
- Health and Environment
- Agriculture Growth and Disaster Risk

## About Us

Shikshan Ane Samaj Kalyan Kendra (SSKK) was established in the 1980s by young dedicated volunteers to check the prevailing condition of the fields.At that time, migration of people to other places was prevalent as agriculture was the main occupation, and water was scarce due to drought. People were illiterate, and their economic condition was poor. Thus, to check the migration, the organization was founded to provide alternative livelihood choices.

Under the mentorship of Dhirubhai and his endless motive to serve rural society by all means SSKK made its strong existence in fields. Changing prevailing conditions in fields led the organization to address various social issues and SSKK expanded its intervention into fields of training, education, disaster response, environment, health, and in the environment.

Since its inception, SSKK has been working for the betterment of the status of people and has engaged in development activities to uplift rural and urban areas of the Amreli, Junagadh, and Gir Somnath districts of Gujarat state Throughout the journey of 42 years Founder and Director – Mr Dhiraj (known as Dhirubhai) had ensured the well-being of the community and staff committed to serving society.

"તમારું દાન, કોઈના જીવનમાં પ્રકાશ!"

www.sskkamreli.org

Donate

**Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here**